ગુજરાત સમાચાર
Last Update : 25 June, 2013 01:24 AM

# IIT-Gમાં આર્ટસનો વિદ્યાર્થી Ph.D કરી શકશે

## - IIT-Gમાંથી Ph.D ની ઉપાધિ સાયન્સ અને આર્ટસનો વિદ્યાર્થી પણ લઇ શકશે

### - હવે IITમાં કોઇપણ વિદ્યાર્થી એજ્યુકેશન મેળવી શકે છે



દેશના પ્રતિષ્ઠિત સંસ્થાનમાંથી એજ્યુકેશન મેળવવું દરેક વિદ્યાર્થીનું સ્વપ્ન હોય છે. ગુજરાતના વિદ્યાર્થીની વાત કરીએ તો સ્કૂલિંગ શિક્ષણ બાદ મોટાભાગના વિદ્યાર્થીઓ ટેકનોલોજી કે પ્રોફેશનલ ફિલ્ડને પસંદ કરવાનો આગ્રહ રાખતાં હોય છે. મોટાભાગના વિદ્યાર્થીઓ ટેકનોલોજીમાં કરિયર બનાવતાં હોય છે. અને જો ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીમાં (આઇઆઇટી) જો તેમને એડમિશન મળી જાય તો ખૂબ મોટી સફળતા તેમના માટે હોય છે. આજે એવી ટેકનોલોજી સંસ્થાનની વાત કરવાની છે. જે ટેકનોલોજી એજ્યુકેશનમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

સામાન્ય રીતે આઇઆઇટીમાં એડમિશન જોઇન્ટ એન્ટ્રસ એક્ઝામ (જેઇઇ) દ્વારા થતું હોય છે. જેમાં વિદ્યાર્થી એન્જિનિયરિંગના મનગમત સબ્જેક્ટ પસંદ કરી પોતાનું કરિયર બનાવી શકે છે. વિવિધ આઇઆઇટીમાં વિવિધ એન્જિનિયરિંગના ફિલ્ડ છે. એરોસ્પેસ એન્જિનિયરિંગ, બાયોસાયન્સ એન્ડ બાયોએન્જિનિયરિંગ, કેમિકલ એન્જિનિયરિંગ, અર્થ સાયન્સ, ઇલેક્ટ્રીક એન્જિનિયરિંગ, મિકેનિકલ એન્જિનિયરિંગ, કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ વગેરે એન્જિનિયરિંગના ફિલ્ડ ઇન્ડિયાની ૧૬ જેટલી આઇઆઇટી ઓફર કરતી હોય છે.

આઇઆઇટીમાં માત્ર એન્જિનિયરિંગ જ થાય છે તેવુ નથી પરંતુ જો કો સાયન્સ, કોમર્સ કે આર્ટસનો વિદ્યાર્થી આઇઆઇટીમાંથી પોતાના મનગમતા વિષયમાં એજ્યુકેશન લેવા માગે છે તો તે અંગે પણ વિવિધ આઇઆઇટીમાં કોર્સિસ અવેલેબલ છે.

ગુજરાતમાં આઇઆઇટીની સ્થાપના વર્ષ-૨૦૦૮માં થઇ હતી. આ સમયે માત્ર બી.ટેકની ડિગ્રી જ અપાતી હતી. હાલ ચાંદખેડા સ્થિત વિશ્વકર્મા એન્જિનિયરિંગ કોલેજ કેમ્પસમાં આઇઆઇટી ગાંધીનગર આવેલી છે. અહીં આઇઆઇટી-જેઇઇ બાદ સ્ટુડન્ટસ કેમિકલ એન્જિનિયરિંગ, ઇલેક્ટ્રીકલ એન્જિનિયરિંગ, મિકેનિકલ એન્જિનિયરિંગ અને સિવિલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરી શકે છે. આ ઉપરાંત આઇઆઇટી ગાંધીનગરે વિવિધ સબ્જેક્ટના સ્ટુડન્ટસ માટે શિક્ષણની અનોખી શરૂઆત કરી છે. જે વિદ્યાર્થી આઇઆઇટી જેવા પ્રિમિયમ સંસ્થાનમાં સ્ટડી કરવા માગે છે અથવા તો રિસર્ચ વર્ક કરવા માગે છે તેમના માટે આઇઆઇટી ગાંધીનગર અલગ કોર્સ શરૂ કર્યા છે.

**IIT-Gમાંથી Ph.D ની ઉપાધિ સાયન્સ અને આર્ટસનો વિદ્યાર્થી પણ લઇ શકશે**

હાલ આઇઆઇટી ગાંધીનગરમાં ૧૩ જેટલાં વિષયમાં પી.એચડીની પદવી મળે છે. જેમાં કેમિકલ એન્જિનિયરિંગ, કેમિસ્ટ્રી, સિવિલ એન્જિનિયરિંગ, કોગ્નિટિવ સાયન્સ, ઇલેક્ટ્રીક એન્જિનિયરિંગ, ઇગ્લિંશ, મેથેમેટીક્સ, મિકેનિકલ એન્જિનિયરિંગ, મટિરિયલ સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ, ફિલોસોફી, ફિઝિક્સ, સાયકોલોજી (મનોવિજ્ઞાન), સોશિયોલોજી

(સમાજશાસ્ત્ર), સાઉથ એશિયન સ્ટડીઝ અને સોશિયલ એપિડેમિલોજી(સોશિયલ રોગશાસ્ત્ર) જેવા વિષયમાં પી.એચડીની પદવી મળે છે. પી.એચડીના એડમિશન માટે ૫૫ ટકા અથવા ૫.૫ સીપીઆઇ માર્કસ એમ.એ., એમ.એસસી., બી.ટેક કે એમ.ટેક હોવા જોઇએ. સિડયુલ્ડ ક્લાસ અને સિડયુલ્ડ ટ્રાઇબનો વિદ્યાર્થી જોડાય તો તેને માર્કિંગમાં રાહત આપવામાં આવે છે. પી.એચડીના વિદ્યાર્થીઓને ફાઇનાસિયલ સપોર્ટ પણ આપવામાં આવે છે.

***

એક વર્ષનો **PG** ડિપ્લોમા પ્રોગ્રામ

પીજીડીઆઇઆઇટી નામનો એક વર્ષનો ડિપ્લોમા પ્રોગ્રામ કેમિકલ, સિવિલ, ઇલેક્ટ્રીકલ, મિકેનિકલ, મટીરીયલ સાયન્સ એન્ડ એન્જિનિયરિંગમાં એડમિશન લઇ શકાય છે. જેનાથી શોર્ટ ટર્મા લોંગ પ્રોફીટ મળશે.

***

હવે **IIT**માં કોઇપણ વિદ્યાર્થી એજ્યુકેશન મેળવી શકે છે

IIT-Gએ નોન-ડિગ્રી પ્રોગ્રામ અને પાર્ટ ટાઇમ નોન- ડિગ્રી પ્રોગ્રામની શરૃઆત ગયાં વર્ષથી કરી છે. સ્ટુડન્ટસ માટે IIT-G સ્પેશિયલી શોર્ટકટ કોર્સ ડિઝાઇન કરવામાં આવ્યાં છે. IIT-G તેના સ્નાતક અને અનુસ્નાતક કાર્યક્રમને સ્ટુડન્ટસ માટે તૈયાર કર્યો છે. જે વિદ્યાર્થીઓ પોતાના વિષયને અનુરૃપ વધુ જ્ઞાાન મેળવા માગે છે તે વિદ્યાર્થી આ પ્રોગ્રામમાં જોડાઇ શકે છે.

***

માસ્ટર ઓફ કોગ્નિટિવ સાયન્સનો અભ્યાસ

- ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીમાં એજ્યુકેશન લેવું દરેક એન્જિનિયરિંગ સ્ટુડન્ટસનું સ્વપ્ન છે. પરંતુ આઇઆઇટી ગાંધીનગરમાં એન્જિનિયરિંગ સિવાય પણ સાયન્સ, આર્ટસ જેવી વિદ્યાશાખાના સ્ટુડન્ટસ જોડાઇ શકશે

ઈંન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર (આઇઆઇટી-જી)દ્વારા કોગ્નિટિવ સાયન્સનો કોર્ષ શરૃ કરવામાં આવ્યો છે. જે દેશની આઈઆઈટી-જી કોલેજમાં પ્રથમ અને દેશમાં બીજી એવી સંસ્થા છે. આ કોર્ષ અલ્હાબાદ યુનિવર્સિટીમાં હાલ ચાલે છે.

કોગ્નિટિવ સાયન્સમાં કોગ્નિશન, મગજ અને વર્તન, ફિલોસોફી, સોયકોલોજી, આર્ટિફિશિયલ, ઈન્ટેલિજન્સ, ન્યુરોસાયન્સ,લિન્ગિવસ્ટિકસ અને એન્થ્રોેપોલોજી જેવા વિષયોને આવરી લેવાયા છે. ઇન્ડિયામાં કોગ્નિટિવ સાયન્સ સ્ટુડન્ટસ માટે નવો સબ્જેક્ટ છે. પરંતુ અમેરિકા, બ્રિટન, પુર્તગાલ, કેનેડા જેવા દેશોમાં આ સબ્જેક્ટના સ્ટુડન્ટસની મોટી ડિમાન્ડ છે. આ અંગે આઈઆઈટી-જીના પ્રોફેસર જેઈસન માન્જલે કહ્યું કે 'કોગ્નિટિવ સાયન્સ અત્યારે ઉભરી આવતુ એક નવો વિષય છે. આ કોર્ષની આવનાર સમયમાં ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે અને જોબના ચાન્સ પણ વધુ છે. કોગ્નિટિવ સાયન્સ અત્યારે ૨૧મી સદીના ચાર પિલ્લર ઓફ નોલેજમાં નેનોટેકનોલોજી, બાયોટેકનોલોજી અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી સાથે સાથે કોગ્નિટિવ સાયન્સને પણ ગણવામાં આવશે. આના કારણે આવનાર ભવિષ્યમાં ઇન્ટેલિજન્ટ સિસ્ટમ બનાવવામાં મદદ મળશે. શિક્ષણ, માનસિક આરોગ્ય, સોશિયલ બિહેવિયર અને ટેકનોલોજીમાં મલ્ટિડિસિપ્લિનરી પ્રોગ્રામનું મહત્વ આવનાર દિવસમાં વધશે.'

જો કે આ પ્રકારના અભ્યાસક્રમને આપણા દેશમાં આજ સુધી મહત્વ અપાયુ નથી. જેના કારણે આરોગ્ય, સોશિયલ બિહેવિયર, શિક્ષણ અને ટેકનોલોજીકલ ડેવલપમેન્ટ પર પુરતુ કામ થઇ શકતું નથી. આઇઆઇટી-જીમાં આ વિષયના અભ્યાસ માટે અમેરિકા અને પુર્તગાલના પ્રોફેસર સ્ટડી માટે આવશે. આ સબ્જેક્ટ માણસના વર્તન અને મગજનો અભ્યાસ પણ થઇ શકશે. જે રિસર્ચ થશે એ ઇન્ટેલિજન્સી માટે પણ મદદરૃપ થશે.

વધુ માહિતી  આઈઆઈટીજીની વેબસાઈટ પર મળી શકશે.